સવૈયા.

ધર્મી ધુતારા જગતમાં કું કર્મ કાળા છે કરે
આર્ય મહીલા ભોળવી ડોળ જગત માંહી કરે
ધર્મ મંદીરોની મહી ધર્મા ધુતારા છે ફરે
ધર્મ કેરા સ્થાનમાં દુષ્ટ કૃત્ય કાળા તે કરે
ધતીંગો ધર્મને નામે જુઓ મંદીરામાં થાય છે
કુંવારી કાચી કામીની કોણી થકી કચરાય છે
અનાચાર મંદીરો મહી પુજારી કેરા હાથ થકી
ધર્મ તેને છે કહે નારી બંને લંપટ નકી
તીંગો જણાવતાં મમ હૃદય અતિ સરમાય છે
ત્રને લખતા કહીં કલમ કંપી જાય છે.

શેર.

ા મેળા મહી શા શા બનાવો થાય છે
તના જન સૌ છતી આંખે અંધા થાય છે

સવૈયા.

વાતો સુણીને મન મહારૂં મુઆતું તું
જોવા જવાને ત્યાર થયો કે દીલ મહારૂં હરખાતું તું

મેળાની મજાહ જોવાને દીલ થયું છે ડોલમ ડોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળું સઘળે પોલ'મ પોલ
પુનમ કેરા દીવસે પહોંચ્યો ડાકોર કેરા ધામ વીશે
તે ધામ મહી શું શું જોયું નીચે લખેલ છે દીશે
ડાકોર મહી જ્યાં જોવું ત્યાં ચાલે સઘળે પોલ'મ પોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળું સઘળે પોલ'મ પોલ
મનુષ્યો ત્યાં ઠાઠ માઠથી આવે છે મેળા માંહિ
મોટી વયના મનુષ્ય ત્યાએ મનમાં બહુ છે હરખાયે
વેપારીઓ ત્યાં દુકાન માડી નવીન કંઇ છે કરતા ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલ'મ પોલ
પહોચ્યો પુનમ કેરા દીને વળી પ્રપંચ છે દીઠો નવો
મનુંષ્ય કેરા ટોળા માહી મે ઠાઠ દીઠો છે આજ નવો
ધર્મ ધુતારા જ્યાં જોવું ત્યાં અત્ર નવો કંઇ કરતા ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળું સઘળે પોલ'મ પોલ
ભાવિક ભકતોને જોવું ત્યાં તો હિચ કીર્તનમાં છે ગુલતાન
સંત સાધુની મંડળીઓ ત્યાં પ્રભુ કેરૂ કરતાં ગાન
મોજીલા યુવાન યુવકો મોજ મહી છે કરતાં ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલ'મ પોલ
ભજન તણી એક મંડળી મેં રસ્તે નીકળતા છે ભાળી
આ ભજનની મંડળી માહે શોખીન સુંદરી છે ભાળી
મુખમાં પટી પાન તણી છે વાગે હસ્તે મંજીરા પીલી

સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
દાંભીક ભક્તો ઉભા રહીને રાગ-ભજનનો વખાણે
આ મંડળીનાં ધતીંગો જોવા મન મ્હારૂં ત્યાં નવ માણે
ભજન મંડળની એ નારી નેત્ર વડે કંઇ કરતી ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
ભક્તાણી સામે ઇશારો કરતાં એક પુરૂષ નજરે જોયો
મદન ભક્તો તણા ભજનો નવ સાંભળવા ઉભો રહયો
દષ્ય સઘળું નજરે જોયું વળી અવનવા કંઇ દેખુ ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
દષ્યો સઘળા જોઇને ભાગ્યો નદી ગોમતીના તીરે
ત્યાં જઇને સંનાન કર્યું છે અંતર ધોયું છે નીરે
તે બાદ શું શું ત્યાં બન્યું છે જણાવું આજ વગાડી ઢોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
સનાન કરીને પાછો ફર્યો ત્યાં એક મહંત આવી ઉભા
મહંત કહે હું ગોરત મારો તમે જજમાન મહારા કહી ઉભા
હું ગોર ડાકોર ધામનો કહી સુણાવ્યો પુરો ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
ગોર મહારાજે સો દક્ષ બનાવી જમાડયો મુજને ત્યાં
દાળ શાક મશાલાની કંઇ ઔર લ્હેજત કરી ત્યાં
તે થકી મેં ભાત મહી તો પુશ્ટ કર્યો તો કંઇ તોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ

તે બાદ ગયો હું દર્શન કરવા ઉતાવળે પગે ચાલી
મનુષ્યો કેરા ટોળે ટોળા જોઉં મંદરીમાં જતા ચાલી
મંદીરની બહારે મેં જોયું ત્યાં વાગે નગારા ને ઢોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટિ કરતાં ભાળું સઘળે પોલંમ પોલ
માનવ દેહ ધરીને મેં તો કોઇ દીન માર નવ ખાધો તો
કૃષ્ણ પ્રભુના દર્શન કરતાં બહુ માર ત્યાં મેં ખાધો તો
મંદીર માહી મહંતો મારે વળી નેત્રો થકી બતાવે ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
ધોતીઆ માહી ગાંઠજ બાંધી પુરૂષોને મારે છે માર
સ્ત્રીઓની બાજુ ઉભા રહીને પુરૂષો પર કરતાં ગુંજાર
મહંતો મેં મધ ઘેલા જોયા ચું મારાકાનો જોઉ ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
થોડો ઘણો ત્યાં માર ખાધો પણ પ્રભુ તણા દર્શન કર્યાં
તે બાદ આ શેવક ગોર તણા ઘેર સીધાવ્યા
મેળા મહી આજે ભાળું મનુષ્યો ચાલે ડોલમં ડોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
મહો કાણુ મેળા માહી મોટી જુઓ જ્યાં ત્યાં થાય છે.
ડાકુ તણી બહું મડળી મેળા મહી ત્યાં જાય છે.
પ્રભુ ભકતનો ડોળ કરીને મોટા ઢોંગ બતાવે છે.
કુંઇ દર દાગીનો હાથ ચડે તો ગછંતિ બતાવે છે
ભોળી બ્હેનોને સાથમાં કંઇ જનો છે લાવતા
બાંધવા મહો બતાવીશે મેળા મહી કો આવતા

ધર્મ કેરા સ્થાનમાં તો કંઇ છે ધતીગો ચાલતા
બહારના પ્રેમી ધ્યાસી એકાંત જાણી આવતા
વિષ્ય ઉસ્તક જુઓ અહી વિષ્યમાં લલચાય છે.
સ્થાન નથી જોતા ધર્મનું પછી ગોથા નર્કમાં ખાય છે.
બાળક કદી ખોવાય તો વલંખા પાડી ગોતતાં
પાછળ ડાકું આવીને તે માલ મીલકત લઇ જતા
દર્શન તણું ત્યાં નામ છે. ત્યાં શોખીન મંડળી આવતી
ભોજન બનાવી મિષ્ટાનના મોજ મજાહ ત્યાં માણતી
વાતો ગપાટા મારવા વૈભવ વિલાસી આવતા
સવર્ગનું શું કામ છે નર્ક માટે ત્યાં આવતા
અંતર વિશે શુધ્ધ ભાવના તો પ્રભુ તમારી પાશ છે.
હૃદય તમારૂં સાફ હશે તો ઇશ્વર તમારો દાશ છે
સમય રાત્રી થતા ભોંય પથારી કરી છે.
પછી સુતો પથારીએ ચીત પ્રભુ ધરી માહી
સુતા પછી કીસ્સો બન્યો કહી રહયો અંતર ધરી
વાંચક વિચારી વાંચજે ન્યુનતા દીલમાં ધરી
મધ્ય રાત્રી સમય થતા કોઇ નાર મુજ પાસે સુતી
અંગ સાથે અંગ અડતા છતા એ તો ના ઉઠતી
ગરમ વાયુ મુજ સોડમાં ચાલી રહયો છે જોરમાં
અંગ મારૂ તપી જતાં ઝબકી ઉઠયો હું જોરમાં
જ્યાં જાઉં પથારી મહી તો કોઇ નાર સુતી છે પડી
મે હસ્ત ઝાલી તેમનો એ સુંદરી બેઠી કરી

મુગ્ધા ભરી એ મોહીની મુખથી કંઇ બડબડી
તે વાત પર નવ ધ્યાન દઇ ધક્કો મે માર્યો પછી
સ્ત્રી ચરિત્રો અવનવા બતલાવવા લાગી મને
હૃદય ના પીગળાવતાં મે છે ધિકારી તેમને
ધર્મ કેરા સ્થાન તો ઉપદેશ આપ્યો તેમને
ના ચીત તેનું હાથમાં જેથી ધિક્કારી ગઇ મને
નિશ્વાશ ઉંડા નાખતી ચાલી ગઇ તે સુંદરી
મ્હારી યુવાસ્થા જોઇને ધિક્કારતીં ગઇ સુંદરી
એ ધર્મ કેરા સ્થાનમાં મે ધિકકારને સહન કર્યો
ગઇ ચડેલ બાજી હાથથી વિચાર નવ તેનો કર્યો
પ્રભાત સમયે હું ત્યાંથી સ્ટેશને ચાલ્યો ગયો
મહારાજને દક્ષણા દઇ છ પાંચ ત્યાં ગણી ગયો
એ સુંદરીને ખબર પડતાં મુજ પાસે આવી તે સમે
વાતો કરી ત્યાં મધ ભરી ચાલી ગઇ છે તે સમે
એ વાત પર નવ લક્ષ દઇ હું વડોદરા વિશે ગયો
શોખીન પ્રજા ત્યાં ભાળીને મુકામ ત્યાં કરી રહયો
હરનિસ સાંજે પાંચ વાગે ફરવા નીકળતો હું હતો
ફરવા જતાં કંઇ શહેરમાં દ્રષ્યો બધાં જોતો હતો
એક દીન રસ્તા મહી કંઇ દ્રષ્ય દીઠું અવનવું
વાચક વિચારી વાચજે આ દ્રષ્ય જુનું કે નવું
સોમસાતમ દીન માર્ગ વીશે કોઇ નાર ઉપર મંમ નજર પડી
વિધવા છે કે સીધવા છે તે શંકા મનમાં થઇ પડી

તેની પુંઠ પછવાડે ચાલ્યો છતાં કંઇ ના બોલે બોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
કમળ નીચે નથી ઘાઘરો ઝીણું વસ્ત્રા ફડકે છે
સાડીમાંથી સર્વે ભાગો સૌ જન નજરે નિરખે છે
નારી જે જન સામું જુવે તે જન સામે કરતી ડોળ
સષ્ટી પર જ્યા દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
પાન તણી દુકાને ગઇ તે ત્રણ પાન પટી લીધી તેણે
તેમાંથી એક મુખમાં મુકી બે રાખ્યા ચોલી માંહે
નારીએ છ પાંચ ગણ્યા કે ચાલે મલકાતી ડોલમડોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
આ લલના ચાલી લહેરીપરમાં એક બંગલાની માંહે
એ બંગલાની સીડી ચડતાં લટકે મટકે છે મહાલે
વડોદરાની આ જોઇ સુંદરી કેવો કરતી દીસે ડોળ
સષ્ટી પર જયાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
આ બંગલાના માલીકતો કોઇ મહંત જેવા સુજને ભાસ્યાં
ટુંક સમયમાં એ મહંત અને સુંદરી સાથે જતાં ભાળ્યાં
મહંત સાથે શું અંદર થયું તે નવ જોયું કંઇએ પોલ
સષ્ટીપર જયાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
ટુંક સમયમાં મૈત્રી બાંધી એ બંગલા તણા મહંત થકી
જીવન જાણ્યું મહંતતણું કે મૈત્રી તેની છે મુકી
આ મંહત વડા ડાકોરધામના વળી સુંદરી માંહે દીઠી પોલ

સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
એ મહંત નીકળ્યા ડાકોરના કોઇ મંદીરના પુજારી
બાળ વિધવાઓ ભોળવીને પાપી પેટને ભરતા ભારી
પેલી સુંદરી એજને વળી જે રાત્રિ સમે કરતી ડોળ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતા ભાળુ સઘળે પોલંમ પોલ
બાળ હત્યાઓ થાએ તેનું મુખ્ય દષ્ય દેખાએલું
વટલી જતી કંઇ બાળાઓનું મુળ કારણ દેખાએલું
બાળ લગ્નો કરવા માહે મા બાપો કરતા છે ડોળ
સષ્ઠી પર જ્યાં દૃષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
વૃદ્ધ પુરૂષને બાળીકા દઈ પૈસા માટે કરતાં જોડ
પુત્રી તણા જનોજે પૈસા લઇને જગત માહી કો કરતાં ડોળ
સષ્ઠી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલમાં પોલ
સર્વે દ્રષ્યો ભાળીને મે સમાજને ધિકકારી છે.
ગુસ્સો અંતર માહી ચડતાં જમીને લાત મારી છે.
કલમ હાથેથી છટ ગઈને ખડીઓ ચાલ્યો ડોલમ ડોલ
સષ્ટી પર જ્યાં દ્રષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ
કલમ ખડીઓ પકડવા જાતાં હુ પડીયો પથારીની નીચે
કડક થઈને જાગી ઉઠયો અહીંઆ કંઇ છે નવ દીસે
સ્વપ્ન માહી મે સઘળુ જોયું માટે જાણો પોલંમ પોલ
સષ્ટી પર જ્યાં દષ્ટી કરતાં ભાળુ સઘળે પોલંમ પોલ

ટુંક સમયમાં બીજો ભાગ બહાર પડશે.

જુજ વખતમાં બહાર પડશે પાંચ સાલનો વર્તારો કીં. ૦-૧-૦

સંવત ૧૯૮૩ ની સાલનો

ભયંકર વર્તારો.

(ઈ. સ. ૧૯૨૭થી ૧૯૩૧ સુધીમાં યુદ્ધ જાગશે.)

"પાંચ વર્ષની ભવિષ્ય વાણી"

(બંગાળી પત્રનું ટ્રાન્સલેશન)

પાપનો આ પહાડ છે તે પુન્યથી ઉડાવજો
અનાચાર હવે ના સેવતા દયા ધર્મને પાળજો
ભવિષ્ય આજે છે બુરૂ તે વાંચશો વંચાવજો
કળીકાળના એ ક્રોધને શાંતિથી વણશાળજો

આવૃત્તિ આઠમી — પ્રત ૪૦૦૦

પ્રકાશક. — લેખક.

પી એમ. વ્યાસ. — આફત જોશી.

નાંદોલવાળા ઠે. સાંકડીશેરી.
રઘનાથ બંબની પોળ નં૦ ૧૮૭૦—અમદાવાદ

કિંમત ફક્ત એક પૈસો.

એજન્ટો તથા નોકરો જોઈએ છીએ મળો ઉપરના સરનામે

રામત તેજી મજેની રંગમાં ચાલ તેની તરેહો હિન્દુ સમાજ પ્રાં. ૦-૦-

જુજ વખતમાં બહાર પડશે જામનગરની જડી ને કુવે જઇને પડી કીં. ૦ ૨-૦

ભયંકર વર્તારો.

ભવીષ્યવાણી.

જાણીતા જર્મન જ્યોતિષ શાસ્ત્રિ વેનફુંડ હેવલોક બર્ગ-નામના એક યુરોપીઅનને દ્રષ્ટિ સિધ્ધના પ્રયોગથી પાંચ વર્ષનું દુનિયાનું ભવિષ્ય બતાવ્યું છે અને તે જાપાનના "ટા" પત્રમાં પ્રસિદ્ધ થએલ પત્રનો ઉતારો શાસ્ત્રી આર કે વિધ્યા વારીધી પંડિતે બહાર પાડેલ છે. અત્રે સુધારા સાથે ટાંકી બતાવીએ છીએ.

જુલાઇ તા૦ ૨૨-૧૯૨૭ ને દીને યુરોપના પોર્ટુગલ દેશપર ૩૦૦ માઇલ સુધી વીસ ફુટ ઉંચે પાણી ચડશે અને તે ચોવીસ કલાક તોફાન રહેશે.

એજ માસમાં જાપાન પર અગ્ની પવન અને સમુદ્રનુ તોફાન થશે જેમાં નાગાશાકી બંદર હતું ન હતું થશે સ્વીઝરલેન્ડમાં એક ખેડુતે ત્યાં એક બાળક જન્મશે તે જન્મતાં (પાણી પીવા માગશે જેથી લાખો માણસો જોવા ઉતરી પડશે.

જર્મનીમાં પ્રજાવાદનું જોર નાબુદ થઇ ફરીથી શહેનશાહી દોર સ્થાપાસે જેમાં કૈઝર વિનયને ફરીથી રાજ્યાસને બેસા-

ડશે આથી દુનીયા ચમકશે, સાથે જર્મનીઓની તલવાર પણ ચમકશે અને ફ્રાંસ સાથે વીગ્રહ શરૂ કરશે.

રૂશતુર્કીનું અજય લશ્કર બની એસીયામાં યુદ્ધ શરૂ કરશે જેમાં ઇસ્લામી દુનીયા જોડાશે મક્કામાં ૭૦ દહાડા કતલ ચાલશે. જેમાં વ્હાબી લોકોનો ખુરદો થશે અને ફરીથી તુર્ક ખલીફા થશે.

મહાત્મા ગાંધી યુરોપ જાશે ૧૯૩૦ માં ફરી દેહમાં આવશે અને હિંદુ મુસલમાનોનું બંડ જોઇ મુંબઇની ચોપાટી દરીયામાં ત્રણ વખત ઓમકારનો ધ્વની કરી જળ સમાધી લેશે આ વખતે તેમના પુત્ર રામદાસ મોસ્કોમાં એવીઆનું સંગઠન કરતા હશે.

હિંદમાં મુસલમાનો પાંચ વર્ષ પછી ઇદ પાળવાની ઇચ્છા નહી રાખશે રોજો કોઇ રહેશે નહી હીંદુઓ મુતી પુજશે નહી ધર્માચાર્યો પર હુમલા થશે.

ગુજરાતના એક શહેરમાં વણીક ગ્રહસ્થની ગ્રેજ્યુટ પુત્રી રાત્રી પુરી થતા પ્રભાતે પુરૂષ ઇંદ્રયોમાં દેખશે.

નડીઆદ બીલીમોરા બારડોલી તેમજ મુલતાનમાં રાતી માછલીઓનો કુદરતી વરસાદ પડશે.

મારવાડમાં લોહીની ધારાવાળો વરસાદ પડશે પરંતુ પાણી જમીન સોચી જશે દશ વર્ષની બાળાને ગર્ભ રહેસે. સીંધમાં ધરતી ધ્રુજશે.

આરોગ્ય દર્શક.

શરીર સંપતીને વધારનાર અને તંદુરસ્તી જાળવનાર અનેક નીયમો સાથે આર્યુવેદને લગતા અનેક વિષયો ચર્ચતું માસીક પત્ર જેમાં ચાલુ એક એક આર્યુવેદ ગ્રંથ સંપુર્ણ પણે પ્રગટ કરવામાં આવશે તેવું આ માસીક થોડાજ સમયમાં બહાર પડશે તમો જરૂર ગ્રાહકમાં તમારૂં નામ નોંધવાજો લવાજમ રૂ. ફક્ત ૨ા અંકે સવાબે પોસ્ટે સાથે.

વૈદ હરીલાલ લક્ષ્મીશંકર.

સાંકડી શેરી બોબડીઆ વૈદની ખડકી સામે

અમદાવાદ.

દોડો દોડો નહી તો રહી ગયા.

અમારી પાસે જર્મનની રીસ્ટ વોચની ગોલ્ડન ચેઇનો આવેલ છે વહેલો તે પહેલો ફક્ત રૂ. ૨-૮-૦

બહારગામ વી. પી. થી મોકલાશે.

નીચેના શીરનામે મળો.

રતનલાલ નટવરલાલ એન્ડ કો.

સાંકડીશેરી રૂઘનાથ બંબની પોળમાં

અમદાવાદ.

૫

ભયંકર વર્તારો.

ખ્યાલ.

વર્ષ પાંચની ભવિષ્યવાણી હિસાબ તેનો છે મ્હોટો
સને ૧૯૮૩ થી તો સમય આવશે બહુ ખોટો.
ક્રોધ કરીને સમુદ્ર પાણી પોર્ટુગલ પર ચડવાનું,
ચઢી ૩૦૦ માઇલને વીશ ફુટમાં, સમુદ્ર પાછું વળવાનું.
જાપાન માથે રાહુ બારમો પ્રલય જેવો ઘાટ થશે,
હાની દિસે મનુષ્ય કેરી પાણી માહે ડુબી જશે.
સોની માથે શની સાતમો દક્ષિણુ વાટે ચન્દ રહે,
આવક કરતાં જાવક વધશે આફત એવું ભાવી કહે.
જુન જુલાઇએ કૌતુક થાશે પુરૂષ મટી કંઇ સ્ત્રી થાશે,
મીલો સઘળી બંધ થાયને નાં ખત્તા મળશે રંકને
બજાર કપાસની તુટી પડેને બજાર ઘીની ઉંચી જશે,
લોઢાવાળાને લાભ ઘણો છે ચાંદીવાળા મરી જશે.
સમય સાધી જર્મન પાછો બ્હાદુર થઇને બ્હાર પડે,
પ્રજાતંત્રને બદલી નાંખી કૈસર કેરો ધ્વજ ચડે.
દશ વર્ષની બાળાઓ કંઇ ગર્ભ ધારણુ તો કરશે.

જન્મ થાતાં બાળક બોલે ભુમી ભાર નામે ધરશે.
અગ્ની ખાતી ગાય વાછડી દિલ્હી મહીથી મળવાની
ગાય જશે સીધમાં ને ધરતી ત્યાંની ધ્રુજવાની
મારવાડમાં મેઘ ઘણો છે અસાડ માસે હુલી થશે,
ધારો પડશે લાલ રંગની જમીન પાણી ચુસી જશે.
માટે લોકોને સુચના આપું શિતળા કેરા કેશ થશે,
માટે સાંભળો બચ્ચાં સર્વે રોગચાળો ફાટી જશે.
મકકા મદીને યુધ્ધ થશેને વ્હાબી લોકો મરવાના,
કતલ ચાલશે. સિતેર દહાડા તુર્ક ખલીફા કરવાના,
પાંચ વર્ષના અંત મંહીતો ધર્મ હીંદમાં એક હશે.
વેદ ધર્મમાં જોસ ઘણો છે એક બનાવી ફાવી જશે
રસ્તો છોડી તારો દોડે સુર્ય સાથે સપડાશે.
સપ્ટેંબરની સાત તારીખે ભુમી પંજાબે પડશે.
ઉપવાસ કેરા દીન ઠેરવો સ્તુતી પ્રભુની કરવાની,
ત્રાટકપ્રયોગથી સિધ્ધ કરીને બતલાવી છે ભવિષ્ય વાણી.

જાહેરાત ગાઇને અગર ભાષણથી અગર કોઇપણ તરેહથી માણુસો મારફતે કરાવી આપવામાં આવશે.

૩ દવાઓ ભરવાના તથા તેલ ભરવાના ફોલ્ડીંગ બોકસ સાદા તથા ઓડરથી બનાવી આપવામાં આવશે.

૪ સાબુ તેલ અત્તરો અને દવાઓ તથા હાથ ચાલાકીના મેજીક ખેલો શીખવવામાં આવશે.

૫ અમારે ત્યાંથી નીકળતી ચોપડીઓમાં દરેક જાતની જાહેર ખબર લેવામાં આવે છે. તેમજ કોઇના ફોટુ આપવા હોય અગર અરપણ પત્રીકા હોય તેમજ ભાવ તાલ માટે પત્ર વહેવાર નીચેના સરનામે એક આનાની ટીકીટ બીડી કરવો.

પી. એમ. વ્યાસ.
ઠે૦ નળ બજાર જાબુડી મોહલ્લો પનાજી હકમ જીના માળમાં બીજે માલે મુંબઇ

પી. એમ. વ્યાસ નાંદોલવાલા
ઠે૦ સાંકડીશેરી રૂઘનાથ બંબની પોળ ઘર નં૦ ૧૮૭૦ અમદાવાદ.

સવૈયા.

દશા વિપરીત દુનીયાનીને ભવિષ્ય બુરૂ ભાસે છે.
દ્રષ્ટીગોચરથી ભવિષ્ય ભુંડુ મનમાં અતિ વિમાશે.
અતિદર્દ વાળા કંઇ દર્દી અહીં તહીં અથડાવાના.
વૈદ હકીમને ડોકટર સર્વે ખીસા પુરા ભરવાના.

ઘણા નોકરો રખડી પડશે શાહુકાર શેવક બનશે
કુદરત વિરૂધ આ દુનીયામાં નવા નવા કંઇ ખેલ થશે
પુન્ય પંથ ત્યાગીને સર્વે પાપ કર્મ આચરવાના
ધર્માન્ધ થઇને હીંદુ મુસ્લીમ માહો માહે લડવાના
વૈસ્યા વાડો વશમો થઇને ગૃહસ્થ લતાલે દેખાશે.
સતિ શીરોમણી શીયળ લુટાવે લંમ્પટ રસ્તે અટવાશે
કપાસ કાપડને ચાંદી માંહે અધીક મંદી થાવાની
બજાર સોનુ અને અળસીની ઘડી ઘડી બદલવાની
કૈસર પુન્હ રાજા થઇને પ્રજાવાદ નબુદ કરશે.
ફ્રેન્સ સામે જર્મન લશ્કર લડાઇ કરવા ઉતરશે
ખીલાફતપર સંકટ પડતાં તુર્કો યુધ્ધે ચડવાના
મુસ્લીમ હાથે મારખાઇને વ્હાબી લોકો મરવાના
પોર્ટુગલપર પાણી ચડશે જાપાન પાણીમાં ડુબશે,
વૃષ્ટી થાશે રકત રંગીની ભારત વ્યાધીથી છુટશે.
ગુજરાતના ગામે ગામે ખેડુત ભુખે રઝળવાના,
અતિ વૃષ્ટી થાશે ને સઘળા પાક તણાઇ જાવાના,
નાણાની ભીડ ઘણીજ રહેશે કીર્તિ સાથે ધુળધાણી
સેવક આજે શોધ કરીને ભાખે પુર્ણ ભવિષ્ય વાણી.

સુરત, બરાનપુરી ભાગોળ ભાજીવાલી પોળમાં આવેલા શ્રી 'અંબિકા વિજય' પ્રેસમાં હરગોવનદાસે હરકીસનદાસે છાપ્યું.